
॥ હરિ:ૐ ॥

# મનને

સાધનાના પ્રારંભમાં
'મનને' ઉદ્દેશીને પૂજ્ય શ્રીમોટાએ રચેલી પ્રાર્થના



પૂજ્ય શ્રીમોટા
હરિ:ૐ
હરિ:ૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

સાધનાના પ્રારંભમાં 'મનને' ઉદ્દેશીને
પૂજ્ય શ્રીમોટાએ રચેલી પ્રાર્થના

# મનને

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ **પ્રકાશક :** ટ્રસ્ટીમંડળ, હરિઃૐ આશ્રમ, કુરુક્ષેત્ર
મહાદેવના મંદિરની બાજુમાં, જહાંગીરપુરા,
સુરત-૩૯૫ ૦૦૫. ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪
© હરિઃૐ આશ્રમ, સુરત - નડિયાદ.
❑ **આવૃત્તિ :**
૧૨મી : ભાદરવા વદ ચોથ, ૨૦૦૯, પ્રત : ૩૦૦૦
કુલ પ્રત્ર : ૨૩૨૦૦
❑ **પૃષ્ઠ :** ૬૪
❑ **કિંમત : બે રૂપિયા**
❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫.
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧.
❑ **મુદ્રણશુદ્ધિ : જયંતીભાઈ જાની**
ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮
❑ **ડિઝાઈનર : મયૂર જાની,** મો. ૯૪૨૮૪૦૪૪૪૩
❑ **મુદ્રક : અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી.યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૩૮૦ ૦૧૪
ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ (૧૨મી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા પ્રત્યે વિનમ્રતાભર્યા, હૃદયના ઊંડાણથી ભક્તિભાવ ધરાવતા, આશ્રમની રવિવારની વહેલી સવારની પ્રાર્થનામાં નિયમિત રીતે આવનાર, તેમ જ પૂજ્ય શ્રીમોટાના રામનવમીના તા. ૮-૪-૨૦૦૭ના ૬૯મા સ્વજનોના મિલનસમારંભના યજમાનપદે રહેનાર, સુરત નિવાસી શ્રી રમેશચંદ્ર ચપટવાળાનાં માતપિતા-

**સ્વ. દયાકોરબહેન નાનાભાઈ ચપટવાળા**

અને

**સ્વ. નાનાભાઈ કાલીદાસ ચપટવાળાને**

પૂજ્ય શ્રીમોટા વિરચિત **'મનને'**ની આ બારમી આવૃત્તિનું પ્રકાશન સમર્પિત કરતાં અમો ધન્યતાની લાગણી અનુભવીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનો ૧૧૨મો જન્મદિન
ભાદરવા વદ ચોથ, સંવત ૨૦૬૫
તા. ૪-૯-૨૦૦૯

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# નિવેદન

(૧૨મી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ સાધનાના પ્રારંભકાળમાં પોતાના મનને ઉદ્દેશીને કરેલ રચના **'મનને'**ની પ્રથમ આવૃત્તિ સને ૧૯૪૦માં પ્રકાશિત થઈ હતી, તેના આધારે અત્યાર સુધીમાં કુલ અગિયાર આવૃત્તિ પ્રકાશિત થઈ છે.

**'મનને'**ની બારમી આવૃત્તિ પ્રકાશિત કરવાના સમયે પૂજ્ય શ્રીમોટાના હસ્તાક્ષર સાથેની સને ૧૯૯૩માં પ્રકાશિત થયેલ આવૃત્તિની વિગત ધ્યાન ઉપર આવતાં, મહદ અંશે એનો આધાર લઈને આ નવી સંકલિત આવૃત્તિ પ્રકાશિત કરાઈ છે. સને ૧૯૯૩ની આવૃત્તિમાં શ્રી રમેશ ભટ્ટ દ્વારા જે કેટલીક સ્પષ્ટતા કરવામાં આવી છે, તેનો સમાવેશ આ

પ્રકાશનમાં પણ કરીએ છીએ. ઉપરાંત, લેખકના બે બોલનો સમાવેશ પણ કરાયો છે. જેથી વાચકને તેની જાણકારી મળી રહે.

સુરત નિવાસી શ્રી રમેશચંદ્ર નાનાભાઈ ચપટવાળા પરિવાર તરફથી આ પ્રકાશનમાં સહયોગ અપાયો છે, તે બદલ હૃદયપૂર્વક અમો તેમનો આભાર માનીએ છીએ.

સદ્‌ભાવપૂર્વક મુદ્રણશુદ્ધિ કરી આપવા બદલ શ્રી જયંતીભાઈ જાનીનો અને ટાઇટલ ડિઝાઇન કરી આપનાર શ્રી મયૂર જાનીનો પણ અમો આભાર માનીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનો ૧૧૨મો જન્મદિન **ટ્રસ્ટીમંડળ,**
ભાદરવા વદ ચોથ, સંવત ૨૦૬૫ હરિઃૐ આશ્રમ, સુરત
તા. ૪-૯-૨૦૦૯

# પ્રસ્તાવના

સ્નહીશ્રી મોટા,

આજે આપનું અનેકવાર સ્મરણ થયું. મળવાનું બહુ વાર થયું નથી, પણ આપના સરળ ઊંડા પ્રેમભાવનો અનુભવ ઘણો થયેલો છે.

ભાઈશ્રી નંદુભાઈએ **'મનને'** મને મોકલેલું છે. તેને અંગે બે શબ્દ અત્યારે લખવા માગું છું. કૉલેજમાં દાખલ થયો તેવામાં અમદાવાદમાં ઘાસીરામની પોળમાં વહેલી સવારે એક પ્રભાતફેરી ભુજંગપ્રયાતના છંદોગાનનું વહેળિયું રમતું મૂકી જતી. શ્રીસમર્થ રામદાસ સ્વામીના 'मनाचे श्लोक' ગાતી મરાઠીભાષી બંધુઓની એ મંડળી મારી ચેતના ઉપર કોઈ અકળ સંસ્કાર મૂકી ગઈ હતી. થોડાં વર્ષો પછી પૂનામાં સાધુચરિત પ્રો. જયશંકરભાઈ ત્રિવેદીને ત્યાં રીતસર એ શ્લોકોનો પરિચય થયો. રોજ સવારે નાસ્તા પહેલાં આખો પરિવાર શ્રીસમર્થ સ્વામી રામદાસના મનોબોધમાંથી થોડાક શ્લોકનો પાઠ કરે. અતિથિઓને પણ એ સંસ્કારલાભ મળે. મહારાષ્ટ્રની અધ્યાત્મ-સંપતની એક ઉત્તમ વાનગીનું આ રીતે દિનચર્યાના આરંભે સેવન કરીને એને જીવનમાં વણી લેવાના

ત્રિવેદી સાહેબના ઉપક્રમનો વિચાર કરું છું ત્યારે એમની સૂક્ષ્મ સંસ્કારપ્રિયતાનો હૃદયને સંસ્પર્શ થાય છે.

ભાઈશ્રી નંદુભાઈ જણાવે છે કે, **'મનને'**ના ભુજંગપ્રયાત છંદો રામદાસ સ્વામીના મનોબોધની કશી જ જાણકારી વિના લખાયેલા છે અને બંનેમાં રહેલાં એકબે શાબ્દિક સામ્યો ચાળીસેક વર્ષ ઉપર કોઈ મિત્રે પૂજ્ય શ્રીમોટાને બતાવેલાં પણ ખરાં. બે ઉદ્‌ગારોનું સામ્ય તો મારા ધ્યાન ઉપર પણ તરત આવ્યું : **'ક્રિયા વિણ વાચાળતા છે નકામી'**-લગભગ એ જ શબ્દો મનોબોધમાં છે; क्रियेवीण वाचाळता व्यर्थ आहे ! શ્રીસમર્થ બીજે બે ઠેકાણે પણ क्रियेवीण वाचाळताનો ઉલ્લેખ કરે છે. 'વિવેકે સદા સ્વ-સ્વરૂપે રહીને'નું विवेके सदा स्वस्वरूपी मरावे સાથેનું સામ્ય પણ તરત ધ્યાન ખેંચે એવું છે. **પણ મોટું સામ્ય તો એ છે કે બંને કૃતિઓ 'મનને' ઉદ્દેશીને ઉદ્‌ગારાયેલી છે અને ભુજંગપ્રયાત છંદ દ્વારા આકાર પામી છે.**

આવા આશ્ચર્યકારક આકસ્મિક સામ્યનું મૂળ છે બંને કૃતિઓ પાછળના અધ્યાત્મસાધનાના એકસરખા અભિગમમાં. આત્મયાત્રીને પહેલે કે બીજે પગલે જ મનની મુલાકાત થાય છે, કહો કે મન સાથે મુકાબલો

થાય છે. મનની સાથે પતાવટ કર્યા વગર આગળ વધવું મુશ્કેલ છે, બલકે એવી પતાવટનો પ્રયત્ન કરતાં કરતાં જ આગળ વધાય છે. યોગવાસિષ્ઠ કહે છે : स जीवति मनो यस्य मननेनैंव जीवति । ભક્ત કવિ કહે છે : **પહલે મન કો મૂંડો, ફિર આતમ કો ઢૂંઢો.**

બંને કૃતિઓમાં ભિન્નતા પણ છે. શ્રી સમર્થના શ્લોકો કાવ્યદૃષ્ટિએ તરત ધ્યાન ખેંચે છે, ખાસ કરીને એનું નાદતત્ત્વ અનેકને મુખપાઠ કરવા પ્રેરે એવું છે. પ્રજાએ એને એ રીતે અપનાવેલા પણ છે. વચ્ચે વચ્ચે એક જ ધ્રુવપંક્તિવાળા થોડાક શ્લોકગુચ્છો આવે છે. नुपेक्षी कदा राम दासाभिमानी, मना सज्जना राघवो वस्ति किजे, प्रभाते मनी राम चिंतीत जावा, तुटे वादसंवाद तो हितकारी, એ ધ્રુવપંક્તિઓ અને ફરી સહેજ ફેરફારથી આવતી ધ્રુવપંક્તિ नुपेक्षी कदा देव भक्ताभिमानी—એ આખી કૃતિની પાઠક્ષમતાને ખૂબ મદદ કરે છે.

પણ શ્રીસમર્થના મનોબોધના બસો ઉપરાંત થોડાક શ્લોક છે, તેમાં સળંગ એક જ દોર પર વાત ચાલતી હોય એવું લાગતું નથી. 'મનને'ના શ્લોકમાં એકસૂત્રતા વરતાય છે.

'મનને'માં બોલચાલની ભાષાના લહેકા, ખાસ કરીને 'ટેવું', ટકોરું', છ વાર વપરાયેલા 'મરાવું'— જેવાં ક્રિયાપદોમાં, જોવા મળે છે; 'હડાકો' શબ્દપ્રયોગ પણ સરસ રીતે ધ્યાન ખેંચે છે. છંદમાં એક શ્લોકમાં 'કરું છતાં કાં' અને 'પળેપળે ના'માં પહેલા અક્ષરો ગુરુ નથી. એવી ત્રુટિ મનોબોધમાં પણ જોવા મળે છે.

શ્રીસમર્થ મનની સાથે વાત માંડે છે ત્યાં મના સજ્જના । કરીને અને પછી પણ વારંવાર એ 'સજ્જન' છે એમ યાદ કરાવી કરાવીને એને કલાવી કલાવીને બોધ આપે છે. 'મનને'માં કાંઈક જુદી જ રીતે, 'તને કેટલી વાર હે મૂર્ખ કહેવું ?' -એમ મનને ટપારીને આરંભ થાય છે. પણ પછી તરત, ચાર લીટી પછી જ, 'ચડાશે ન બે ઘોડલે તુંથી બાપુ'માં એની સાથે લાડપ્યારથી કામ પાડવાનું શરૂ થાય છે. ક્યાંક એને 'ખંધું' કહ્યું છે, 'ભૂંડા'થી નવાજ્યું છે, પણ વારંવાર 'બાપ' -'બાપ' કરીને એને રસ્તે વાળવાનો પ્રયત્ન થયો છે.

'મનને'નું મુખ્ય આકર્ષણ એમાં એકસૂત્રપણે રજૂઆત થઈ છે એ છે. અને એ રજૂઆત

આત્મયાત્રીઓને રોચક નીવડે એવી છે.

મનને 'લડાવી પટાવી લઉં કામ'-એ વલણ આ શ્લોકો રચનારને ઠીક લાગ્યું છે.

મનની માવજત બહુ સુકુમાર રીતે કરવાની છે. ગમે તેવું પણ એ બહુ ઉપયોગનું છે.

તને ટોકતાં દિલ સંકોચ પામું.

● ● ●

બહુ દોષ તારા અરે મેં બતાવ્યા,
વળી વાંક તારા હજારો ગણાવ્યા,
છતાં હું પિછાનું ગુણો શક્તિ તારી,
ઊભો રૈ' શક્યો છું સહાયે જ તારી.

ધર્મથી અવિરોધી એવી મનની અનિવાર્ય જરૂરિયાતો નભાવી લેવાની જ નથી, પૂરી પાડવાની છે, એની ઉપર બે વાર, નીચેની પંક્તિઓ દ્વારા, ભાર મુકાયો છે :

વિરોધી નહિ એવી સૌ હાજતોને-
મથું પૂરી પાડી હું સંતોષવાને.

કારણ ? મન એક ઉત્તમ, કદાચ ઉત્તમોત્તમ, સાધન છે :

બધાં સાધનોમાં મને તું જ શ્રેષ્ઠ,
ન ચાલે લગારે, ન જો તારી હૂંફે,
કરું કામ મારાં તહારી સહાયે,
તને યાચું હું સંગ રે'વા સદાયે.

મનને છૂટું મૂકવા કે છોડવા સાધક જરીકે તૈયાર નથી. એને તો મનને સાથે રાખવું છે અને પરમ તત્ત્વમાં લીન કરવું છે, ડુબાડવું છે.

મને છોડશે તું, છતાં કેમ છોડું-
તને ? સંગ રાખીશ ભાવે મથાવી,
તને ચિત્ત એકાગ્ર ને એકમેળ
તદાકાર રાખી ડુબાવીશ છેક.

પણ મનને એમ તલ્લીન કરવું એ કાંઈ સહેલ નથી. તક મળતાં જ એ બહાર આવે છે અને છટકે છે.

જરી જ્યાં ડૂબે, લાવતું શિર ઊંચે,
ભૂંડા કૈંક જો, સાથ કાં આમ છોડે ?

મનને ગાળી નાખવું છે, એનું નિરાળું અસ્તિત્વ રહેવા દેવું નથી. એ કીમિયો તો પ્રેમ કરી શકે, પ્રભુકૃપા કરી શકે.

તને પ્રેમજ્વાળે તપાવીશ પાકું,
પૂરા પ્રેમમાં લુપ્ત ત્યારે થશે તું.

## ૧૨

પ્રભુપ્રેમ એ જ ખરો કીમિયો છે :
પ્રભુના પદે પ્રેમભાવે પરોવી,
સદા હેળવી રાખીને જાત ખોવી.

પ્રભુચરણમાં લીન થતાં જ એનું નોખું અસ્તિત્વ રહેવા પામશે નહિ.

અને એમ અસ્તિત્વ તારું મિટાવા
પ્રભુના પદે નિત્ય તું લીન રહેને.

મન તલ્લીન-તે (પ્રભુ)માં લીન થઈ જાય પછી તો બધી પ્રાણની વૃત્તિઓનો આંતરયજ્ઞમાં હોમ થયે જવાનો. પછી તો મન દિવ્યતાનું એક કરણ બની રહેવાનું. 'થવાનું રહ્યું યંત્ર તારે પ્રભુનું.' મનને પહેલી અને છેલ્લી જે સોનાની શીખ આપી છે, તે તો એ છે કે હે મન, નામ જપની પ્રેમળ ગંગધારા એકધારી વહાવ્યે જા અને

**'પૂરું તું ભળી જા પ્રભુપાદપદ્મે.**

**ઉમાશંકર જોશીનાં સ્નેહવંદન**

# લેખકના બે બોલ

સને ૧૯૨૨ની શરૂઆતથી શ્રીપ્રભુકૃપાથી જીવનના ઉચ્ચતમ ભાવનાના વિકાસ પરત્વેની દિલમાં દિલથી દિલની અભિમુખતા પ્રકટી, ને ત્યારથી મનની અનેક પ્રકારની આડીઅવળી મથામણો, મંથનો ને કેટલાંય સંગ્રામનાં અવનવાં દર્શન થયે જતાં, ને તેનું ક્રિયાશીલ, જાગ્રત, ગતિશીલ તટસ્થતાપૂર્વક પૃથક્કરણ થયા જતું, ને મનનું સંઘર્ષણ અનેક પ્રકારે અનેક પાસાંઓમાં ને ક્ષેત્રોમાં, કર્મમાં ને જીવનવહેવારમાં પ્રકટતું જતું, પરંતુ તેનો સુમેળ જીવનની ઉચ્ચતમ ક્ષેત્ર-ભાવનામાં કેમ કરીને પ્રકટાવવો, કેળવાવવો ને તેને જીવંતપણે ભાવનાના પ્રદેશમાં સક્રિયપણે જાગ્રત થઈ તેનો સર્જનશીલ સમન્વય સધાય, એવો પ્રભુકૃપાથી સતત જાગ્રત ચેતનવંતો પ્રયત્ન થયે

જતો હતો, ને તેમાંથી જ આ મનનેનું ઉદ્‌ભવવું થયું. તે કાળે આ જીવનો તે એક ભારે સંગ્રામનો તબક્કો હતો. મનનો ગુરુ મન બને, ને તે પણ યથાર્થપણામાં, તો જ જીવનવિકાસના ભાવમાં ભારે વેગ પ્રગટ્યા જાય ને જીવનવિકાસ પરત્વેનો ઝોક આપમેળે ઊગીને, તેને ગતિશીલ, ક્રિયાશીલ, ને સર્જનશીલ થયે જવામાં પ્રેરણાન્વિત થતો જતો અનુભવાતો હતો. તેવા તે જીવનના તબક્કામાં આ ગનનેનું જોડકણું મનને સમજાવવા, કેળવવા, ચેતાવવા, જાગ્રત થવા ને જીવનવિકાસ પરત્વેની મનની સાચી ઉત્કટમાં ઉત્કટ અભિમુખતા પ્રકટે તેવો તેનો જ્ઞાનભક્તિપૂર્વકનો હેતુ હતો.

શ્રીસમર્થ રામદાસના ‘મનાચે શ્લોક’ તો તેઓશ્રીના જ્ઞાનના અનુભવના પરિણામ પરાકાષ્ઠાની પ્રસાદીરૂપે હતા. ‘મનાચે શ્લોક’ની

ને આ મનનેની સરખામણી જ શક્ય નથી. બંનેની ભૂમિકા જ જુદા પ્રકારની છે. સમજુ વાંચકો આનો યોગ્ય વિચાર કરીને આ મનનેનું મૂલ્યાંકન આંકે એવી લેખકની વિનંતી છે.

મન પણ અનંત છે ને એનાં પણ અનેક પાસાં છે, ને મનને જીવનવિકાસના ક્ષેત્રમાં આપમેળે રંગાઈ જવાનું કર્મ તે કંઈ નાનુંસૂનું નથી. મન મનાઈ જતું ભલે લાગતું હોય, તેમ છતાં એને પાછું છટકી જતાં વાર પણ લાગતી નથી. મનનો દંભનો પડદો તો હિમાલય પર્વત કરતાં પણ મોટો હોય છે, ને દંભ તો સત્યની નજીકમાં નજીક સુધીની મર્યાદા સુધીનો ભાગ ભજવી શકે છે. એવાં મનનાં વલણોને પારખવાં ને જીવન-વિકાસમાં તે રચનાત્મક છે કે નકારાત્મક છે, એ પ્રીછવું, તે સહેલું નથી, તથા તેવાં તેવાં પાસાંમાં ગતિશીલ, ક્રિયાશીલ ને સંપૂર્ણ ચેતનાત્મક જાગૃતિ

ને જીવન પરત્વેની જ્વાળામુખી સમી ઉત્કટમાં ઉત્કટ ધગધગતી જિજ્ઞાસા જેને સંપૂર્ણપણે ચેતનાત્મક ભાવવાળી છે, તેવા જ માત્ર, તેવાં મનનાં પાસાંમાં તટસ્થ રહી શકે છે, બાકીનાનું તો ગજું જ નથી.

મનની પણ અનેક પ્રકારની ભ્રમણાઓ હોય છે. અનેક પ્રકારની સમજણોની પણ મડાગાંઠો ને પૂર્વગ્રહો હોય છે, તે બધું જ જીવનવિકાસની ભાવનાને સાનુકૂળ મનનું તેવું જ્ઞાનભક્તિપૂર્વકનું હેતુની સભાનતાવાળું વલણ જન્મેલું હોય છે, ને તે નિત્ય જાગ્રત સાતત્ય ભોગવતું હોય છે, ત્યારે જ તેવું મનનું બધું ફેરવાવી શકાય છે.

હાલ આ મનને જે પ્રસિદ્ધ થયું છે, તે તો તે કાળના તબક્કાના મારા જીવનમાં મનને સમજવા, એને મઠારવા, કેળવવા, જાગ્રત થવા, યોગ્ય દિશાનું ભાન પ્રેરાવવાને મનને પોતાનું

એકમાત્ર કર્તવ્ય શું છે, તે તે મનને પ્રેમભાવે, મિત્રતાથી ને કદીક કઠોર થઈને પણ દઢાવવાનો મારો પ્રયત્ન હતો. વાચકોને આ મનને વાંચતાં તે કાળના મારા જીવનનો કંઈક ખ્યાલ ઊપજે એટલા માટે આટલું સ્પષ્ટ લખવાનું થયું છે.

આ મનને જીવનવિકાસના સંપૂર્ણ વિકસિત થયેલા જ્ઞાનભક્તિના અનુભવની પરાકાષ્ઠાનું સ્વરૂપ નથી, પરંતુ એ તો એ માર્ગના મથતા જીવનું નિરૂપણ છે.

શ્રી ઉમાશંકરભાઈ જોશીએ પોતાની અતિ વ્યવસાયી પ્રવૃત્તિમાંથી સમય કાઢી આની પ્રસ્તાવના લખી આપી છે, તે માટે તેમનો હૃદયથી ખરેખરો ઋણી છું. ૧૯૬૭ના જૂન માસના **'સંસ્કૃતિ'**ના અંકમાં પણ **'મનને'**ની આ પ્રસ્તાવના છપાઈ છે.

**—મોટા**

હરિ:ૐ

# એક બહુમૂલ્ય દસ્તાવેજ

પૂજ્ય શ્રીમોટાએ ૧૯૨૨માં સાધનામાં પ્રવેશ કર્યો, એ જ વખતે પોતાના મનનો સાધનામાં સહયોગ લેવા મનને સંબોધન કરેલું. એ અંગે ૧૯૨૨માં લખેલી ૧૦૮ કડીઓમાંથી ૧૦૭ કડીઓની હસ્તપ્રત આજ સુધી સચવાયેલી છે. એનું પ્રથમ પ્રકાશન પૂજ્ય શ્રીમોટા ૧૯૩૯માં પરમાત્માનો સાક્ષાત્કાર પામ્યા, એ પછીના વર્ષે (૧૯૪૦)માં થયું હતું. એમાં કુલ ૧૧૦ કડીઓ છપાઈ છે. આ હસ્તપ્રતમાં ૧૦૮ સુધીના ક્રમમાં ત્રણ કડી ખૂટે છે. જ્યારે બીજી બે કડીઓ છપાયેલા પુસ્તકમાં લેવાઈ નથી. આ રીતે આ હસ્તપ્રતમાં ૧૦૭ કડીઓ છે. આજ સુધીમાં એની અગિયાર આવૃત્તિઓ પ્રકાશિત થઈ છે.

આવું સર્વોપયોગી પ્રકાશન તેઓશ્રીના હસ્તાક્ષરમાં જળવાઈ રહે અને એ જ રૂપમાં એ

જોવા-વાંચવા મળે એવા આશયથી **'મનને'** પૂજ્ય શ્રીમોટાના હસ્તાક્ષરમાં પ્રગટ થાય છે. પૂજ્ય શ્રીમોટાના અક્ષરરૂપનું દસ્તાવેજી મૂલ્ય છે. એના પ્રકાશન (૧૯૪૦) વખતે તેઓશ્રીએ એના સંપદાકોને એમાં ફેરફાર કરવાની છૂટ આપી હશે. એ દ્વારા તેઓશ્રીનો નિરાગ્રહી પ્રેમભાવ જ વ્યક્ત થયો છે. આમ છતાં આ હસ્તપ્રતમાંના જે મૂળ શબ્દો છે એનો અર્થ તેઓશ્રીના તે સમયના (૧૯૨૨) હૃદયભાવને યથાર્થ રીતે પ્રગટ કરનારા છે એમ જણાયું છે.

આ પુસ્તકનું પ્રકાશન કરીને શ્રી સી. બી. પટેલ પરિવારે ઘણું જ ઉપકારક કામ કર્યું છે. જ્યારે પૂજ્યશ્રીનાં લખાણો પર સંશોધન કરાશે ત્યારે આ પ્રત ઘણી ઉપયોગી નીવડશે.

પૂજ્ય શ્રીમોટાના દરેક ચાહક સ્વજન પોતાની પાસે આ પુસ્તકની એક નકલ રાખે એવી વિનંતી છે.

પૂજ્ય શ્રીમોટાના હસ્તાક્ષરમાં લખાયેલા કાગળોનું પોટલું તેઓશ્રીના સૂચનથી પૂજ્ય

નંદુભાઈએ ૧૯૬૯માં મને આપલું. શ્રી સી. બી. પટેલે પૂજ્ય શ્રીમોટાની હસ્તપ્રતને જાળવવા માટે જહેમત આરંભી છે. આમ તો તેમનું આ કાર્ય પૂજ્ય શ્રીમોટા પ્રત્યેની ભક્તિરૂપે જ થાય છે. આવા કાર્ય બદલ એમને ધન્યવાદ આપું છું.

તા. ૫-૧૦-૧૯૯૩ **રમેશ મ. ભટ્ટ**

# ‘મનને’ના વાચકોને વિનંતી

પૂજ્ય શ્રીમાટાએ **‘મનને’** સંબોધીને જે રચના કરેલી, એ તેઓશ્રીના હસ્તાક્ષરમાં આ પુસ્તકમાં ડાબી બાજુનાં પાનાં પર છાપી છે. અને એ જ રૂપમાં **‘મનને’** વાંચી શકાય, એનું પઠન કરી શકાય અથવા ગાઈ શકાય એ માટે એની સામી બાજુનાં પાનાં પર કૉમ્પ્યુટરાઈઝ્ડ ટાઈપ સેટિંગથી છાપી છે.

પૂજ્ય શ્રીમોટાએ જ્યાં ફેરફાર કર્યા છે, એ હસ્તપ્રત મુજબ છપાયેલી કડીઓમાં પણ કર્યા છે,

પણ અન્યના હસ્તાક્ષરથી થયેલા ફેરફાર છાપ્યા નથી, જેથી પૂજ્ય શ્રીમોટાએ સૌ પ્રથમ લખેલી કૃતિ એ જ રૂપમાં મળી શકે.

આ પ્રકાશનનું મૂલ્ય હસ્તાક્ષરોને લીધે છે, એથીય વિશેષ આજથી સિત્તેર વર્ષ પહેલાં **'મનને'** લગભગ સડસડાટ લખેલું એ આપણને સમજાય છે અને એ સમયે પણ તેઓશ્રીએ વાપરેલ શબ્દો, કેટલા યથાર્થ હતા એ જાણી શકાય છે.

પૂજ્ય શ્રીમોટાએ સાધનાના આરંભકાળમાં કરેલી આ રચનાનું ઘણું ઊંચું મૂલ્ય છે. પ્રત્યેક કડીના ભાવાર્થ સાથે એની સમજૂતી આપવાનું અહીં ટાળ્યું છે. વાચકો આ રચનાને સમયના સંદર્ભમાં સાધનાની ભાવનાથી વાંચે એવી વિનંતી છે.

અંગત રીતે મને પૂજ્ય શ્રીમોટાની આ રચના, બીજી રચનાઓ જેટલી જ મૂલ્યવાન જણાઈ છે, કેમ કે એમાં પૂજ્ય શ્રીમોટાનું મનોવિજ્ઞાની તથા સાધક તરીકેનું વિશિષ્ટ દષ્ટિબિંદુ પ્રગટ થયું છે.

**-રમેશ મ. ભટ્ટ**

# અર્પણ

જેણે મને હૃદયથી અણી ટાંકણે લૈ,
દીધું નવું જીવનદાન, હજીય જેનાં,
સૌ ભાવ વહાલ મુજને પથગામી પ્રેરે,
એને સદાય મુજ શિર ઝૂક્યા કરે છે.

(૧૯૪૦) - મોટા

# માને*...

ઉત્સાહનું હૃદયથી જળ સિંચી જેણે,
આ ઉરપુષ્પ ખીલવ્યું નિજ પ્રેમભાવે,
તેને ધરું ઉમળકે ચરણારવિંદે-
તે પુષ્પ, વાસ સહુ, ભેટ સ્વીકારી લેજે. ૧

જ્યારે વિકારવમળે પડી અંધ થાતાં,
મૂંઝાઈ ખૂબ ઉરમાંહી રૂંધાઈ જાતાં,
મા, પાસ આવી તુજ અંક હું શિર મૂકી-
-પાછો સચેત બનતો, કહીં તું હવે મા ? ૨

* લેખકનાં આધ્યાત્મિક મા-પ્રભાબાને ઉદ્દેશીને...

ભાળીશ ક્યાં શીળી હું છાંયડી માત તારી ?
કો ફેરવે હૃદય હાથ સિવાય તારી ?
મા ! મા ! મળી ક્યમ શકીશ તને હવાં હું ?
વાત્સલ્યભાવ તુજ ક્યાં નીરખીશ મા ! હું ? ૩

મા, તેં મને જીવન, ચેતન, પ્રાણ પ્રેર્યાં,
મા, અંધકારમહીં હિંમત સાથ દીધાં,
આ સાવ બોથડ અચેતન માનવીમાં-
-તેં આણ્યું ભાન કંઈક ખૂબ ઘડીઘડીને. ૪

મા ! પ્રેમ હૂંફ તુજ કેમ ભૂલી શકું હું ?
ઉષ્માથી એ જીવન મારું નિભાવતો હું,
મા, ભાવભક્તિ જળસિંચન તેં કરીને-
-કૈં સદ્‌ગુણો હૃદયમાં પ્રકટાવિયા છે. ૫

ના, ના, ભૂલું જીવતીજાગતી માડી તું છે,
તારી કૃપા મુજ પરે હજી વર્ષતી જો !
મા, તેં નવાજિ મુજને નિજનો બનાવ્યો,
ને પ્રેમમંદિર પ્રવેશ વળી કરાવ્યો. ૬

અસ્તિત્વ ના તુજ શરીર ભલે છતાંયે-
એ સર્વ ભાવ તુજ કોમળ ઉર પ્રીછે,
પ્રીછી નવીન જીવને હૃદ શક્તિ પ્રેરે,
મા ! તું કરે ઉર સતેજ નિરાશ-વેળે. ૭

તું-સોબતે હું કૃતકૃત્ય થયો છું માડી,
મા ! મૂર્તિ રમ્ય તુજ, પ્રાણમહીં જડાઈ,
થાતાં સ્મૃતિ હૃદય ભાવભીનો થતો હું-
સાષ્ટાંગ મા, મન કરું પ્રણિપાત ત્યારે. ૮

મા, માગું હું તુજ કૃપા, બળ, પ્રેમ દેજે,
મા, જાગૃતિ પળપળે મનમાંહી દેજે,
મા, ધ્યેયમાં સતત લક્ષ મને તું દેજે,
મા, ખંત, હામ, રસ, ચેતન, જોમ દેજે. ૯

કોટી પ્રણામ તુજને મુજ રાંકના છે,
બીજું કશું મુજ કને નવ અર્પવાને,
આશિષ ઊંડી ઉરની મુજને દઈને-
વર્ષાવી પ્રેમજળ, આ દિલ ઠારજે મા ! ૧૦

❑

# મનને

(ભુજંગી)

ત્હને કેટલી વાર હે મૂર્ખ ! કે'વું ?
ત્હને કેટલી વાર કો રીત ટેવું ?
નથી ઊંઘતો તે જીવે છે, ત્હને તે-
નથી એટલુંયે અરે ! ભાન શાને ? ૧

ચઢાશે ન બે ઘોડલે તુંથી બાપુ,
ત્હને તે વધારે કઈ શીખ આપું ?
અજાણ્યું અને ભોટ જો હોય સારું,
કરે તે કહ્યું, લક્ષ આપે રૂપાળું. ૨

મ્હને છેતરી છેતરી જાય ઊંધું,
ત્હને કેટલી વાર તે બાપ, ચીંધું,
હતે બાળ તો આંગળી આપીને મ્હેં,
ચલાવ્યું ત્હને હોત ધીમેથી પ્રેમે. ૩

ઘડીમાં મનાતું ઘડીમાં રિસાતું,
ઘડીમાં સીધું ને ઘડીમાં ફસાતું,
ઘડીમાં ઊડી વ્યોમ તું જાય ભાગ્યું,
ત્હને તે ખીલે કેવી રીતે હું બાંધું ? ૪

ઉચાળા ભરાવી ઘડીમાં નસાડે,
ઘડીમાં ચઢાવે, ઘડીમાં પછાડે,
ઘડીમાંહી આકાશગંગે ન્હવાડે,
ઘડીમાં નવાઈ નવાઈ પમાડે. ૫

ઘડીમાં હસાવે, ઘડીમાં નચાવે,
ઘડીમાં હુલાવે, ઘડીમાં ફુલાવે,
ઘડીમાં અહીંથી ત્યહીં તું ફગાવે,
તણાયા કદી તો બૂરા હાલ આવે. ૬

રૂડા વાયરા ખાય તું કૈં કહીંના,
ઘડી ચોંટવું ઘેર જેને રુચે ના,
કશાથીય તું તો ધરાતું પૂરું ના,
છતાં દોડધામો ત્હારી ખૂટે ના. ૭

ઊઠી વાટ ત્હારા ગુમાને, શું ફાંકો-
નકામો ધરી મારતું કાં ફડાકો ?
તું જાણે ત્હને જાણતું કો નથી શું ?
જગે શેર માથે સવા શેર બાપુ ! ૮

વળી સાથીદારો ત્હારા અનેક,
ભમાવી મ્હને, રાખતા તુજ ટેક,
'ન મ્હારા સમું ક્યાંય કો બીજું ડાહ્યું'-
મનાવી મ્હને એમ તું ઠીક ફાવ્યું. ૯

ત્હને ઠેર આણી હું બેસાડું છું જ્યાં,
અને કામની સોંપણી આપું છું ત્યાં,
છતાં હાથતાળી દઈ ભાગી જાયે,
અહો ! બાપ ! તોબા ત્હને કોટી વારે. ૧૦

મ્હારે પડ્યાં ત્હારી સાથ પાના,
નિભાવ્યા વિના મેળ, છે છૂટકો ના,
કરું કેટલી વાર કંકાસ ક્લેશ ?
છતાં સુધરે કાં ન તું મીનમેષ ? ૧૧

કરે કેટલી વાર તું કામ ચીંધ્યું,
બતાવેલ પંથે ઊડ્યું જાય સીધું-
તું વિશ્વાસમાં એમ લૈને મ્હને રે-
પછાડી કરે ખોખરાં હાડકાં રે. ૧૨

વિચારેલ ત્હારું બને છે કશું ના,
ચહ્યું જે વળી તું શકે મેળવી ના,
મદારો ગઈ વ્યર્થ ત્હેં દીઠી ત્હારી,
છતાંયે ન છોડે હજી છાલ, હારી. ૧૩

અરે ! પેટ પાક્યે કહીં બાંધું પાટો-
અને આભ તૂટ્યે લઉં ક્યાં વિસામો ?
ગળી જાય જો ચીભડાં વાડ, બાપુ !
રહ્યું ઊભવાનું પછી ઠામ ક્યાં ! શું ? ૧૪

હુલાવી ફુલાવી લઉં કામ તોયે,
ન વિશ્વાસ મ્હારો હજી બેસતોયે,
કરે જીદ ભારે ઘડીયે ઘડીયે,
ન શાને શીખે તું, પડે છે છતાંયે? ૧૫

મ્હને ના વિરોધી બધી હાજતોને-
મથું, પૂરી પાડી, હું સંતોષવાને,
ત્હને તૃપ્તિ ના'વે છતાં તેટલાથી,
મનાવું પછી તે ત્હને શી રીતેથી ? ૧૬

મ્હને ના વિરોધી ઝીણી હાજતોને-
હું સંતોષવાને મથું છું કદાયે,
ત્યહીં ચોરવૃત્તિ જણાતાં જ ત્હારી,
ત્હને બોધી, દંડી લઉં હું સુધારી. ૧૭

ભણાવ્યા ત્હને પાઠ મ્હેં તો બહુયે-
ધરી પ્રેમ, ઉત્સાહ ને ખંતથીયે,
ચલાવ્યા કર્યું મ્હેં ત્હને ક્યાં સુધીયે-
રહે એવું ને એવું તું કાં છતાંયે ? ૧૮

જતો પંથ સીધો ત્હને મ્હેં બતાવ્યો,
વળી આંગળી ચીંધીને જે કપાવ્યો,
પૂરા તે ઉમંગે કરી કૈં વટાવ્યો,
ત્યહાં વેવલો વેશ ક્યાં ત્હેં જણાવ્યો ? ૧૯

ઝૂડ્યા તું કરે ત્હારું ને ત્હારું નિત્યે,
બીજાનું સુણે કાં ન ? બહુ તું વિંત્યેયે,
બધો ગર્વ ગુમાન છોડી દઈને,
કહ્યું માનને, નમ્ર પૂરું થઈને. ૨૦

ભીડી હામ ત્હેં સૂર્યને બાથ દેવા,
ભીડી હામ ત્હેં વાયુને કેદ લેવા,
ત્હેં સમ્રાટ સર્વોપરી સૌ થવાને-
ભીડી હામ, શા ખેલ હાવાં કરે છે ? ૨૧

ત્હને ભૂલ તારી થતી જ્યાં બતાવું ?
ચડાવે ઊંચું નાકનું ટેરવું શું ?
જરી જ્યાં ડૂબે, લાવતું શિર ઊંચે,
ભૂંડા ! કૈંક જો, સાથ કાં આમ છોડે ? ૨૨

બધાં સાધનોમાં મ્હને તું જ શ્રેષ્ઠ,
ન ચાલે લગારે, ન જો ત્હારી હૂંફ,
કરું કામ મ્હારાં ત્હારી સહાયે,
ત્હને યાચું હું સંગ રે'વા સદાયે. ૨૩

ત્હને તે બળ્યું છે કંઈ ભાન કે ના ?
અરે આંખ મીંચી કરે શા ઉધામા ?
તું વિવેકનું ભાન કાં રાખતું ના ?
ત્હને ચેતવું કેટલી વાર હાવાં ? ૨૪

કૂદીને કૂદીને કહે શું કર્યું ત્હેં ?
પડ્યું ને વળી લંગડું તું થયું છે,
કરી ઊભી ઉપાધિઓ શિર નાંખે,
કંઈ વેઠ એવી મ્હને તું કરાવે. ૨૫

અરે પેટમાં પેસી કાં પાળી ખોસે ?
થશે બેવફા શું ! રહ્યે તું - ભરોસે ?
ભલે સાથ છોડે, બતાવીશ હુંયે-
ઝઝૂમી શકું એકલો એકલોયે. ૨૬

ન ત્હારા સમું ક્યાંય કો ખંધું બીજું ?
ઉડાવ્યા કરે છે મ્હને તું હજી શું ?
જુદા ચાવવાના બીજા કાં બતાવે ?
ધતુરા અને ઢોંગ ત્હારા જવા દે. ૨૭

ત્હને સ્હેજ્યે પાપબુદ્ધિ ન જાગો,
ત્હને વાસના કોઈ રીતે ન લાગો,
સદા સર્વ સંકલ્પ ને કલ્પનાઓ-
ધરી કાળજી, જાગૃતિ રાખી, ત્યાગો. ૨૮

ત્હને ધૈર્ય હું કેટલી વાર આપું ?
નિરાશા થતાં, પંથ પાછું હું સ્થાપું,
છતાં ચૂકવે કાં ન તું મ્હારું દાપું ?
ફજેતી થતાં લાજ આવે ન કાં શું ? ૨૯

ભલીવાર છે કામકાજે કશો ના,
ઠરી ઠામ બેસી રહેતું વળી ના,
છતાં રોફ કેવા ! અહા ! શા દમામો ?
જવા દે અરે ! ઠાઠ ખાલી નકામો ! ૩૦

સદા સર્વની સાથ રૈ નમ્ર ભાવે,
સદા સર્વને પ્રેમથી રીઝવી લે,
નકામા નકામા તરંગે ચઢ્યું તો,
ગુમાવીશ તું મેળવેલું - રળેલું. ૩૧

ન કાં ઝંખના છોડતું વિષયોની ?
જુએ કાં વળી ને વળી પાછું ધારી ?
બળ્યું હોય ત્હોયે ન છોડે ચટાકો,
વળે શું કર્યે આમ ખાલી હડાકો ? ૩૨

મ્હને છોડશે તું, છતાં કેમ છોડું-
ત્હને ! સંગ રાખીશ ભાવે મથી હું,
ત્હને, ચિત્ત એકાગ્ર થૈ એકમેળ,
તદાકાર રે'વા મથાવીશ, બાપ. ૩૩

મ્હને હાથ ને પાદ આપ્યા પ્રભુએ,
હું જોઈશ તું આડું રે' ! ક્યાં સુધીયે,
'થવું શક્ય ના શું ? દિલે ભાવના જો,'
મ્હને ઉર વિશ્વાસ એવો વસેલો. ૩૪

રહે લિપ્ત ના દંભ વાદે વિવાદે,
સદા વાદવિવાદથી દૂર રે'જે,
અહંતા થકી છે વાદ નાના વિકારી,
ક્રિયાવિણ વાચાળતા છે નકામી. ૩૫

કદી રાગદ્વેષે તું ના લક્ષ દેજે,
ન ચિંતા બીજી કોઈ તું વ્હોરી લેજે,
અને ભાગ આવેલ જે કર્મ ત્હેને-
કરીને પૂરું નિત્ય નિશ્ચિંત રે'જે. ૩૬

મ્હને ચિત્ત ને પ્રાણની વૃત્તિઓથી-
ભમાવે ઘડીવાર થૈ તર્કવાદી,
જતાંમાં જતાંમાં ત્હને રોકી પાડી-
કરું ઠામ, ત્હોયે રહે શેં અનાડી ? ૩૭

ગતિ ત્હારી, એકાગ્ર શક્તિ બનાવી-
વળી ભાવના જોશ એમાં ચઢાવી-
બધા શત્રુઓ યુદ્ધના ક્ષેત્રમાંથી-
ભગાડી-ચહે કાં ન સંતાપ મુક્તિ ? ૩૮

પ્રભુના વિના આશ કોની ન ધારો,
ન આધાર એના વિના દિલ ન્યાળો,
ન એના વિના પ્રેમ ક્યાંયે ધરાવો,
ન એના વિના તે કશુંયે વિચારો. ૩૯

અરે ! વેડફી દઈશ ના શક્તિ ત્હારી,
નકામું ન બોલીશ-રે' મૌન ધારી,
વૃથા બોલીને લાભ શો મેળવે છે ?
અને ગાંઠનું ગર્થ શાને ખુએ છે ? ૪૦

રખે વાદ-ડાચાકૂટે તું ભૂલીને-
ગુમાવી ન બેસે ખરું તત્ત્વ જોજે,
બધી વ્યર્થ શંકા થતી તે ત્યજી દૈ,
હૃદે નામ વિશ્વાસ શ્રદ્ધા થકી લે. ૪૧

ત્હને દાવ ને પેંતરા યુદ્ધમાંના-
બતાવું, રહે ત્હોયે શું સાવધ ના?
કટીબદ્ધ ક્યારે લડી જીત લેશે ?
ત્હને ભાન ક્યારે પૂરેપૂરું થાશે ? ૪૨

ઊગ્યા આથમ્યાનું ત્હને ભાન ના'વ્યું-
હજી ભ્રાંતિમાંયે ભમ્યા તું કરે શું ?
મથાવું ત્હને કોટ ઓળંગવાને-
ભરાવ્યા કરું ફાળ હું વારવારે. ૪૩

ત્હને એકની એક રે વાત મ્હારે,
હજારો કંઈ વાર કે'વાની આવે,
ત્હને ત્હોય સંકોચ ના આવતો કૈં,
મૂકી લાજમાઝા ખરે છેક શું ત્હેં ? ૪૪

મ્હને દુર્ગુણો કૈંક ત્હારા જણાતાં,
બચાવ્યા કરું છું ત્હને હું ફસાતાં,
લડાવી પટાવી લઉં કામ ત્હોયે,
ન રંગાય છે પ્રેમભાવે તું શાને ? ૪૫

ત્હને પ્રેમ ક્યાં રાખતાં આવડે છે ?
ત્હને મૈત્રી ક્યાં બાંધતાં આવડે છે ?
ત્હને કેટલી વાર હું ઓળખાવું !
અને ત્યાગથી શોભતાં શિખવાડું ? ૪૬

અરે ! શીદને વ્યર્થ ચિંતા ધરીને-
નકામું તું મૂર્ખ, કાજી બને છે ?
બળાપો કર્યેથી વળે શું વધારે ?
બધું છોડી દૈને સદા મસ્ત રે'જે. ૪૭

તમન્ના હૃદેમાંહી જે ઉદ્‌ભવેલી-
ત્હને ઇચ્છતાંયે, સૂવા કેમ દેશે ?
ધકેલી ધકેલી ત્હને કામ લેશે-
કહું તેથી, પંચાત છોડી પથે રે'. ૪૮

ટીપાંયે ટીપાંયે તળાવે ભરાતું,
ઉદાસીન ત્હારે પછી શું થવાનું ?
ભલેને કપાયો હશે પંથ થોડો,
છતાં, વેગ એમાંથી છે જન્મવાનો. ૪૯

પ્રસાદી પ્રભુપ્રેમની પામવાને-
ત્હને ઝંખના છે હૃદેમાં છતાંયે-
ન દે લક્ષ કાં એકધારું પથે તું ?
મથીકૂટી બાહ્યાંતરે એક રે'વું. ૫૦

ત્હને ધ્યેય રુચ્યું વળી પંથ ખૂંપ્યું,
ડગીને ડગીને ફરી ઠામ બેઠું,
બળીને બળીને થયું રાખ ત્હોયે-
ન આકાર શાને હજી તું ત્યજે છે ? ૫૧

લીધાં શસ્ત્ર અભ્યાસ, વૈરાગ્ય ભાથે,
પછી ભો રહ્યો શો ત્હને કૈં લગારે ?
ગળે ના અહંતા હજી સર્વ ત્હારી,
છતી લક્ષ્મી પાસે રહ્યું શું ભિખારી ? ૫૨

ત્હને નિત્ય વિશ્વાસમાં હું લઉં છું,
ન ત્હારાથી છાનું જરા કાંઈ રાખું,
પરોવાઈ રે'વા ત્હને શીખવું છું,
મ્હને ત્હોય કાં શિંગડે ભેરવે તું ? ૫૩

પ્રભુપ્રેમની વેદીની ઉપરે તું-
કરે પીઠ કાં કુરબાની ધરંતાં ?
ગયો કાળ પાછો ન આવે કદાપિ,
સવેળા સવેળા તું લે કામ સાધી. ૫૪

વધારે વધારે ત્હને જેમ જાણું,
જુદી જાતભાતો હું ત્હારી પિછાનું,
તકેદારી રાખી કહું કેટલું હું ?
ત્હને ટોકતાં દિલ સંકોચ પામું. ૫૫

બહુ દોષ ત્હારા અરે મ્હેં બતાવ્યા,
વળી વાંક ત્હારા હજારો ગણાવ્યા,
છતાં હું પિછાનું ગુણો, શક્તિ ત્હારી,
ઊભો રૈ' શક્યો છું સહાયે જ ત્હારી. ૫૬

મળે શું ત્હને કૈં બીજું ચિંતવ્યામાં-
હજી ભ્રાંતિ અજ્ઞાન કૈં શું હઠ્યાં ના ?
ત્હને પેખતાં પેખતાં થાય છે શું ?
વિચારી ઊંડું જો, જડે સત્ય પાસું. ૫૭

મથીને મથીને ફરીને ફરીને-
હૃદે શોધતાં શોધતાં શોધ લાધે,
પુરુષાર્થ ભારે કરીને કરીને,
હૃદે એમ ઉતારજે સ્વર્ગગંગા. ૫૮

બળાપો કઢાપો ઘણી વેળ થાયે-
અને ક્રોધવાળું ખરે ત્યાં થવાયે,
સદા પ્રકૃતિ શાંત રાખી રહેવા-
ત્હને ચેતવું, ત્હોય, માની, મથે ના. ૫૯

ત્હને બોધતાં બોધતાં શીખ લાગે,
પ્રવેશી ઊંડું જોઈ જોતાં, પમાશે,
રસે લ્હાણ લેવાની જો ચાહના છે-
ન જંપીશ, બેસીશ ના તું નિરાંતે. ૬૦

પ્રવાહો વહેતા જુદી કૈં દિશાના-
નિહાળ્યા કર્યા છે છૂપા રૈ' બધાયે,
ત્હને ફોસલાવ્યા કર્યું છે બહુયે-
રહે છે હમેશાં સીધું માંડ તોયે. ૬૧

શમાવા હું સંતાપ ત્હારા મથાવું,
ત્હને જોઈતી સ્હાય હું તો અપાવું,
નહિ જ્યાં જવાનું જતાં ત્યાં ન રોકું-
પ્રભુની કૃપાથી છતાં પંથ વાળું. ૬૨

ત્હને કામ ત્હારાની ચિંતા નહિ જો-
ત્હને તે પરે પ્રેમ ના ઉદ્‌ભવે જો-
ત્હને વૃત્તિ ને હોંશ કૈં જો ન થાય,
બધો વ્યર્થ ત્હારો પછી પુરુષાર્થ. ૬૩

કરી વૃત્તિને સંત સાત્ત્વિક થાને,
બધો સ્વાંગ ત્હારો પૂરો ફેરવી દે,
કૃપા જો પ્રભુની, ગિરિ પંગુ પ્હોંચે,
કૃપાના બળે તે, સદા આશ્રયે રે'. ૬૪

વિચારો ગમે તે કરે તે થવા દૈ,
છતાં સ્પર્શવા ના દઉં, તેમને હું,
અને એમની છાપ સ્હેજે લગારે,
રહેવા ન દેવા ત્હને હું મથાવું. ૬૫

ત્હને ટેવ પાડી હું તો કેળવું છું,
બતાવ્યા કરું ખેલ ત્હારા ત્હને હું,
ત્હને પ્રેમજ્વાળે તપાવીશ પાકું-
પૂરા પ્રેમમાં લુપ્ત ત્યારે થશે તું. ૬૬

અરે ! દુર્ગુણો કાં જુએ તું બીજાના ?
ખરે મૂળગી દૃષ્ટિ કાં ફેરવે ના ?
નિહાળ્યા કરી ત્હારું જોતું રહેજે,
સદા તુજ કામે તું એકાગ્ર રે'જે. ૬૭

ગળી નાંખવા હું ત્હને તો મથું છું,
મિટાવી જ દેવા ત્હને હું ચહું છું,
રસે ના રસાતું રસાશે તું શાથી ?
ઘણી વેળ હું તો મુઝાઉં છું એથી. ૬૮

'પ્રભુના પદે ચિત્ત ચોંટ્યું' બતાવે,
તું દેખાવ એવો કરીને જણાવે-
ત્યહીં જ્યાં હું પોલાણ ત્હારું પિછાનું,
ત્હને કાન ખેંચી વળી ઘર આણું. ૬૯

ભુલાવું ત્હને કેટલું કેટલું હું ?
ખજાનો ન ત્હારો થતો ખાલી કે શું ?
રૂડી વાત ત્હારી ગમી છે, હવાં કે
જમા ને ઉધારે પદે તું ધરે છે. ૭૦

ગમે ત્યાં જવું હોય ત્યાં તું ભલે જા,
રહી દોરી ત્હારી છતાં હાથ મ્હારે,
ત્હને ખેંચી તેથી હું આણીશ ઠામ,
રહેવાનું ત્હારું પછી કે' શું માપ ? ૭૧

ત્હને સંશયો થાય નિર્મૂળ ત્હેને,
કરીને અગાડી જજે તું સદાયે,
પ્રફુલ્લિત રે'જે તું આઠે પહોરે-
સદા મસ્ત રે'જે તું ત્હારા વિચારે. ૭૨

થયા જે કરે અંતરે યુદ્ધ ત્હારે,
જણાવા ન દેજે કદી કોઈ વારે-
બીજાં નિત્યનાં કામની ઉપરે કૈં-
રખે છાપ તેની પડે, બાપ, જોજે. ૭૩

નડે બંધનો જેમ તે પ્રેરણા દે-
વધારે વળી વેગ ને જોશ ભારે,
હૃદે ચેતના, પ્રાણ-ઉત્તોજના દે,
ઉમંગે કરી તે વધાવી સદા લે. ૭૪

સદા ઉદ્યમી રૈ' અને ખંતીલું થૈ-
ઊંડાં ઉર, વિશ્વાસ શ્રદ્ધા, ધરીને-
જજે પંથ કાપ્યે પ્રભુ તું સ્મરીને-
જણાવ્યા કરી ત્હારી મુશ્કેલીઓને. ૭૫

બીજાના વિચારે રખે દોરવાતું-
વિચારે તું ત્હારા ભલે ખાય ગોથું,
બીજાનું કદી યોગ્ય, તો તે ગ્રહેવું,
ન રાખી તુમાખી પદે લીન રે'વું. ૭૬

શિરે ગર્જતું નાચતું મૃત્યુ ઊભું,
ત્યહાં મુખ વિકાસી ઊભું રહ્યું શું ?
અરે ! ઊઠ ભાથું લઈ લે તું બાંધી-
સદાકાળ તૈયારી તું રાખ ત્હારી. ૭૭

'ઘૂમે કાળ માથે' વિચાર્યા કરીને
વધારે ન તું વેગ કાં પુરુષાર્થે ?
પ્રતિદિન આતુરતા, ભૂખ ત્હારી-
વધાર્યા કરી, પામ આનંદ ભારી. ૭૮

કૃપા જો પ્રભુની સદા વર્ષતી છે,
પૂરી ઝીલવા ત્હારી તાકાત ક્યાં છે ?
થશે જેમ આધાર જ્યાં શુદ્ધ ત્હારો-
વધે જોશ, ઉત્તેજના, પ્રેરણાઓ. ૭૯

લહ્યા તું કરી વૃત્તિનું, જે સ્વરૂપ,
અનુકૂળ થાવા ત્હને, ઝોક દેજે,
મથાવે ભલે ત્હોય પૂંઠે પડીને-
તદાકાર એને કરો, પક્ષપાદે. ૮૦

શું પ્રાબલ્ય વૃત્તિતણું વર્ણવું તે ?
પ્રકારે અનેકે વહ્યાં જે કરે છે,
સદા જાગૃતિ ધારીને ચોકી રાખી-
જમાવું છું એને રસે હું સદાયે. ૮૧

ગમે ત્યાંથી નિર્દોષ આનંદ લેજે,
જગે શાંતિ નિર્દોષ તું પ્રેમ લેજે,
દયા, શાંતિ, વૈરાગ્ય, ત્યાગે ક્ષમાથી-
તું ટેવાઈ રે' એમને નિત્ય સાધી. ૮૨

ત્હને ત્યાગ વૈરાગ્યની ભાવનાનો-
પૂરો રંગ જામે નહિ જ્યાં સુધી કૈં,
નહિ આવશે જ્ઞાન ત્યાં સુધી-માટે-
લગાડ્યા કરું પાસ એનો સદાયે. ૮૩

અરે હુંપણું છોડી કાં તું ન દે છે !
અને વ્યર્થ ચિંતા શિરે વ્હોરતું રે',
બધો ભાર ત્હારો ઉતારી હું લેવા-
ત્હને પંથ ચીંધ્યા કરું બોધ દેવા. ૮૪

જ્યહાં યોગ્ય જે જે ત્યહાં તેવું લે’વું-
વળી તે પ્રમાણે કરી કર્મ રે’વું,
ત્હને ટેવ તે પાડવાને મથું હું,
છતાં સાન ના’વે ત્હને તે, કરું શું ? ૮૫

વિવેકે સદા સ્વ-સ્વરૂપે રહીને,
ઊંડા અંતરે લીન તું નિત્ય રે’જે,
પ્રભુના પદે પ્રેમભાવે પરોવી-
સદા હેળવી રાખીને જાત ખોવી. ૮૬

‘પ્રભુની દયાનો અરે પાર ક્યાં છે ?’
વિચારી હૃદે ધાર તું નમ્રતાને,
થશે જેમ તું નમ્ર પામીશ લ્હાણ,
પૂરું તેથી તું શૂન્યતામાં પ્રવેશ. ૮૭

રખે દોરવાઈ જતું લાગણીથી-
સદા ચિત્ત પ્રોવું વિવેકે વિચારી,
બધી બાજુએથી વિચારી વિચારી-
તુલા રાખજે સ્થિર તું બાપ ત્હારી. ૮૮

સદા શાંતભાવે બધી વસ્તુઓને-
ત્હને ટેવું જોવા વળીને વળીને,
હૃદે એકની એક ધૂને સદાયે,
પરોવાઈ રે'ને, કંઈ તો જ ફાવો. ૮૯

અરે ! જો ત્હને ના જરીકે હૃદે છે,
ભગાશે ન શેક્યો તુંથી પાપડેયે,
અરે ! મંદ કાં તું પડ્યું બાપ દીસે-
કટીબદ્ધ થાને, જવું છે અગાડે. ૯૦

રહેતાં પૂરું આવડે શાંતિમાં જો,
નવું સર્જશે, કામ ત્હારાં સધાશે,
ત્હને ત્હારું જોવાની મ્હેં ટેવ પાડી-
તટસ્થે બતાવા મથાવું છું જેથી. ૯૧

ત્હને વૃત્તિનું મૂળ મ્હેં શોધવાને-
બતાવ્યા કર્યું છે ઊંડું વારવારે,
અને વેગ એનો પ્રભુપદ્મપાદે-
શમાવા, કરું હું ત્હને ગોદ નિત્યે. ૯૨

વિચાર્યે ઊંડું કૈં જણાયે ત્હને જે,
વિવેકે સરાણે ચઢાવી જ લેજે,
પછી યોગ્ય લાગ્યે કરી તે, પ્રભુને-
સમર્પી, નિરાસક્ત તું એમ રે'જે. ૯૩

બધી શક્તિ ત્હારી મહીં દૈ પરોવી-
નિહાળ્યા કરી જો થતાં કામ તેથી,
કર્યા તે કરો સૌ પ્રભુપ્રેમ અર્થે,
કરાવે, પ્રભુની કૃપા, એમ માનો. ૯૪

હૃદે આદરે પ્રેમથી નામ લેવું,
પ્રભુના રસેથી રસી ચિત્ત લેવું,
બધી વિકૃતિને પૂરી બાળી નાખી,
વિશુદ્ધિ વધારો મથીને વિશેષે. ૯૫

ત્હને તારવી તારવી સર્વમાંથી-
રહેવા તટસ્થે મથાવી મથાવી,
બહુધા તદાકાર કરું છતાં કાં-
રહે લીન સંપૂર્ણ પળેપળે ના ? ૯૬

પ્રતાપે અરે ! નામના શું અજાણ્યું ?
કહેવાનું બાકી રહ્યું કૈં ત્હને શું ?
રટ્યા ત્હેં કર્યું તે ગયું શું નકામું ?
ત્હને ભાન પૂરું હજી કાં ન આવ્યું ? ૯૭

ગણાવું ત્હને નામના શેં પ્રતાપ ?
બતાવું શેં એની હું શક્તિનું માપ ?
જણાયું જે ત્હને કૈંક ચંચુપ્રવેશે-
ધડો લૈ થકી તે, વધ્યું જા હમેશે. ૯૮

સગાં ને સંબંધી અને સ્નેહીઓને-
જણાવ્યે, થતું દુઃખ ઓછું જણાયે,
બધાં સુખદુઃખાદિ વ્યાધિ ઉપાધિ-
પ્રભુને જણાવો, થશે દૂર આંધી. ૯૯

પ્રભુપ્રેમના સ્વાદમાં લુબ્ધ રે'વા-
તદાકાર વૃત્તિથી ત્યાં મસ્ત થાવા-
અને એમ અસ્તિત્વ ત્હારું મિટાવા-
પ્રભુના પદે નિત્ય તું લીન રે'જે. ૧૦૦

મુખે રામ તો પોપટે નિત્ય ભાખે,
પછી ફેર બંનેમહીં શો વધારે ?
સ્ફુરે ચેતના, પ્રેરણા, સ્ફૂર્તિ ના જો,
બધું વ્યર્થ તો નામ લેવાનું જાણો. ૧૦૧

હૃદે રામ ત્યાં, કોઈ બાંધી શકે શું ?
પ્રભુ ભક્તને વિઘ્ન હોયે છતાં શું ?
સદા રંગમાં મસ્ત રે'વાનું મૂકી-
બીજે ધ્યાન એનું જશે ના કદાપિ. ૧૦૨

રઘુનાથને ચિત્તમાં તું મઢી લૈ-
હૃદે સાધી લૈ શ્રેય ને પ્રેય બેયે,
હમેશાં પ્રભુ આશ્રયે બાપ રે'જે,
સ્મર્યા વિણ ના તું ઘડી એક ખોજે. ૧૦૩

પ્રભુચિંત્વને નિત્યનાં કામ સાધો,
પ્રભુચિંત્વને રાગદ્વેષાદિ ત્યાગો,
પ્રભુચિંત્વને ચિત્ત ને પ્રાણ પ્રેરો,
પ્રભુચિંત્વને નિત્યનો મેળ રાખો. ૧૦૪

સ્મરંતાં સ્મરંતાં થવું એકધ્યાન,
સ્મરંતાં સ્મરંતાં થવું એકચિત્ત,
સ્મરંતાં સ્મરંતાં થવું એકરાગ,
સ્મરંતાં સ્મરંતાં થવું એકપ્રેમ. ૧૦૫

થતાં કામ ત્હારાં ભલે રે', છતાંયે-
રહે મગ્ન તું અંતરે યજ્ઞમાંહે,
રખે તૂટતી અંજલિ એકધારી-
સદા રાખજે ઉર ચિંતા તું એની. ૧૦૬

હૃદે નામના જાપની પ્રેમમાળા-
વહાવો પદે તે સદા ગંગધારા,
શમાવી પૂરાં બુદ્ધિ ને ચિત્ત, ભાવ-
ત્યહીં હોમજો પ્રાણની વૃત્તિ સર્વ. ૧૦૭

પ્રભુના પદે ચિત્ત ચોંટાડવામાં-
મઝા જે પડે ત્યાં પ્રમાણે ન તું કાં ?
સદા ચિંત્વને એકધારું વહીને-
પૂરું તું શમી જા પ્રભુપદ્મપાદે. ૧૦૮

ન જોવાનું તે નીરખી બાપ થાક્યું,
ન ખાવાનું તે ખાઈને બાપ થાક્યું,
ન પીવાનું તે પીને તું બાપ થાક્યું,
છતાં કેમ પૂરું હજી તું ન પાક્યું ? ૧૦૯

જતાં વૃત્તિઓ બ્હાર, ટોકી, હું વાળું-
અને છાપ એની ના રે'વા મથાવું,
સદા તુચ્છભાવે બધી વસ્તુઓને-
ત્હને ટેવું જોવા વળીને વળીને. ૧૧૦

થવાનું રહ્યું યંત્ર ત્હારે પ્રભુનું,
કશું કાંઈયે કામ ત્હારે ન બીજું,
થતાં તે સુધીમાં બીજું ના વિચારો,
કર્યાં તે કરો વિઘ્ન આવ્યે હજારો. ૧૧૧

૬૪

પ્રભુપ્રેમની ધૂનમાં મસ્ત રૈ'ને-
સદા કામ તારાં ઉકેલી જ લેવાં,
પ્રભુના પદે ચિત્ત મધ્યસ્થ રાખી,
ઊંડા પ્રાણ પ્રેરી, પીજે પ્રેમપ્યાલી. ૧૧૨

॥ હરિઃૐ ॥

॥ હરિ:ૐ ॥

**સગાં ને સંબંધી અને સ્નેહીઓને-**
**જણાવ્યે, થતું દુઃખ ઓછું જણાયે,**
**બધાં સુખદુ:ખાદિ વ્યાધિ ઉપાધિ-**
**પ્રભુને જણાવો, થશે દૂર આંધી.**

**- શ્રીમોટા**

**'મનને', ૧૨મી આ., પૃ. ૫૮**